જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૩/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૩૬૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૯ કેસ કરી, ૭૬ વ્યક્તિઓને ઝડપી, ૩૬૬ લીટર દેશી દારૂ, ૧૦૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૦૪૫ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૪૪ બિયર ટીન, ૦૧ કાર, ૦૧ મોટર સાયકલ અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૩૬૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૩૭૦/૨૦૨૬**

સરખેજઃ પાલડી વિસ્તારમાં રહેતી (ઉ.વ.૪૩) મહીલાએ તેમજ સેટેલાઇટ વિસ્તારમાં રહેતા (ઉ.વ.૭૬) વૃધ્ધ મહીલાએ તા.૧૩/૦૩/૨૦૨૬ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે નવેમ્બર–૨૦૨૧/૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન મકરબા એસ.જી હાઇ–વે રોડ વાય.એમ.સી.એ.કલ્બ પાસે વેસ્ટ ગેટ કોમ્પલેક્ષ સીલીકોન વેલ્થ મેનેજમેન્ટની ઓફીસ ડી–૧૪૦૬, ખાતે સીલીકોન વેલ્થ મેનેજમેન્ટના માલીક સિધ્ધાર્થભાઇ ભુપેન્દ્રભાઇ રાવલ (રહે. આર્કસ સ્કાય સીટી ટાઉનશીપ સેલા) એ રોકાણ કરવાની સ્કીમ સમજાવી લોભામણી લાલચ આપી વળતર ચુકવી આપવાનું જણાવી પાલડી વિસ્તારમાં રહેતી મહીલા પાસેથી રૂપિયા ૧૦,૦૦,૦૦૦/– તથા અન્યના રૂપિયા ૧૦,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૨૦,૦૦,૦૦૦/– રોકાણ કરાવેલ, તેમજ સેટેલાઇટ વિસ્તારમાં રહેતા વૃધ્ધ મહીલા પાસેથી રૂપિયા ૮,૫૦,૦૦૦/– તથા અન્યના રૂપિયા ૧૩,૫૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૨૨,૦૦,૦૦૦/– રોકાણ કરાવી, એમ.ઓ.યુ.કરાવી રોકાણ કરેલ રકમ પરત મળી રહેશે તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આપી આજદીન સુધી રોકાણ કરેલ રૂપિયા પરત નહી આપી છેતરપીંડી તથા વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એ.ચૌહાણ ચલાવે છે.

નારોલઃ ધર્મેન્દ્રકુમાર લાલબહાદુર પાલ (ઉ.વ.૩૬) (રહે. આદીત્ય હાઇટસ લક્ષ્મી નિવાસની બાજુમાં હીરા માણેક સ્કુલ પાસે નારોલ) એ તા.૧૩/૦૩/૨૦૨૬ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૩/૨૦૨૬ બપોરના ૦૪/૫૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૯૨૧૭૯૪૦૭૫૧ તથા ૯૨૮૯૬૪૨૫૬૭ ના ધારકોએ ધર્મેન્દ્રકુમાર પાલના મોબાઈલ નંબર ઉપર ફોન કરી વિમા પોલીસી બાબતે વાતચીત કરી વિમા પોલીસી બંધ કરી પ્રિમિયમ અને બિજા ભરેલ રૂપિયા વ્યાજ સહીત પરત આપવાનું કહી પ્રોસેસ પેટે ધર્મેન્દ્રકુમાર પાલના ખાતામાંથી રૂપિયા ૫૯,૦૫૫/– ઓનલાઈન ટ્રાન્સફર કરાવી મેળવી લઈ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ ઈ.પો.ઇ.શ્રી એસ.એ.કરમુર ચલાવે છે.

વેજલપુરઃ પંકજકુમાર વસંતલાલ ખમાર (ઉ.વ.૬૬) (રહે. શાંતીસદન એપાર્ટમેન્ટ વેજલપુર બસ સ્ટેન્ડ સામે વેજલપુર) એ તા.૧૩/૦૩/૨૦૨૬ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧૧/૨૦૨૫ થી તા.૨૮/૧૧/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યકિતએ ચેનકેન ઓનલાઈન ઈન્ટરનેટના માધ્યમથી અલગ-અલગ ટ્રાન્ઝેક્શન કરી પંકજકુમાર ખમારના સાણંદ ખાતે એચડીએફસી બેન્કની શાખામાંથી કુલ રૂપિયા ૧,૯૦,૦૦૦/- મેળવી લઈ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એમ.ચૌહાણ ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર ચાદી નં.૩૭૧/૨૦૨૬**

વસ્ત્રાપુરઃ કાજલબહેન અરવિંદભાઇ પટેલ (ઉ.વ.૫૦) (રહે. રંગીન પાર્ક સોસાયટી રાજપથ કલબ સામે કિરણ મોટર્સની બાજુમાં બોડકદેવ) એ તા.૧૩/૦૩/૨૦૨૬ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૨/૨૦૨૬ કલાક ૦૬/૦૦ થી તા.૨૪/૦૨/૨૦૨૬ કલાક ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કાજલબહેન પટેલના ઘરે કામ કરવા આવેલ લીલારામ ઉર્ફે લલીત વાલજીભાઇ રોત (રહે. નવરીબજાર પાનના ગલ્લા આગળ ન્યુયોર્ક કોમ્પ્લેક્ષ કિરણ મોટર્સ પાછળ બોડકદેવ, મુળ વતન.ગામ-તલૈયા તા-જી.ડુંગરપુર રાજસ્થાન) ઘરમાંથી સોનાના દાગીના તથા બગસરાના દાગીના મળી કુલ કિમત રૂપિયા ૧૧,૦૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગયેલ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.બી.ગઢવી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી